મુબારક, દીવાનશ્રી ૭ સર. શેરખજી મહખા-
નજી કે. સી. આઇ. ઇ. નાં પટરાંણીજી.

અમીર બીબી વિરહ.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર,

કવિ શાંવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ.

દુહો.

કાયા છોડી કીર્તિને, જગમાં મુકી જાય;
સરસ રૂશામ સંસારમાં, લાયક જનની લખાય.

અમદાવાદ:
"નિર્મળ" પ્રીંટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૮. સન ૧૯૦૨.

કિંમત સવા...

નેક નામદાર, ખુદાવંદ, ખુદાયગાન, આલીશાન, ફેજબક્ષ,
ફેજરશાન, મહાખાન, પાલનપુરાધિશ, દીવાનશ્રી ૭ સર.
શેરમહંમદખાનજી કે. સી. આઇ. ઇ. નાં પટરાંણીજી.

અમીર બીબી વિરહ.

રાગ મહાતમનો.

હાય જનત સીધાવે અમીર બીબી, જનત સીધાયે અમીર બીબી;
કુદરત ગત ક્યાં બીબીરે. હાય. ટેક.

જીમે સોકજનક રાજા રાની, નવાબ બીબી ગજબ હુવાં ગ્લાની;
આ મુલકોમાં ગમી બહુ ફેલાનીરે. હાય. જનત. ૧

શેરમહંમદખાનજીનાં પટરાણી, અફસોસ ઓછી ભોગવી જીંદગાની;
ગયાં સુભાવનાં શુભેશાની રે. હાય. ૨

ઘણાં ગરિબોને ગુણકારાં, પ્રૌઢ પરોપકાર કરનારાં;
શીલ સુભાવનાં સુમીલનહારાં રે. હાય. ૩

આગે બેગમ હતાં જનતવાશી, તેમનિ પ્રસંશા નથી પ્રકાશી,
આમણે વરીજ પડી શાબાશી રે, હાય. ૪

દીવાન સાહેબનાં મોટાં માનકારી, શુદ્ધ બુદ્ધિનાં શુદ્ધ વિચારી;
જેથી વિહર ઝીના વિસ્તારીરે. હાય. ૫

જાદુ વસે જનાબ હુવા દુઃખી, સરવ વાતે ઘણા હુતા સુખી;
ચીત્ત બળે ગયાં ચંદ્રમુખી રે. હાય. ૬

ખુબ ખોટ પડી જેમની ઝાઝી, અફસોસ હુવે મુલાં ઓર કાઝી;
પુરવાશી પ્રજા દીલ દાઝી રે. હાય. ૭

પરવિના જેમ પદ્મીજંન, લુણ વીના જેમ ફીકું અન્ન;
તેમ પત્ની વિણુ પતીનું જીવંનરે. હાય. ૮

પતિ [illegible], [illegible] વિણુ [illegible] [illegible] રહે;

મનડાં કેરી કોની આગે કહેરે. હાય. ૧૦

વૃદ્ધ વયે વિયોગ ન સહેવાય, માનુની વિણ મન મુઝાય;

કુંપ છાયા કુપમાં સમાયરે. હાય. ૧૨

નેક દીલના નવાબ નુગાની, હોવી ઘટે નહિ એમને આ હાની,

ખેદજનક મરજી ખુદાની રે. હાય ૧૩

જેમની દુનિયા પ્રસિદ્ધ દીલાવરી, રેમ રૈયતપર બહુ ધરી,

કોપ બુદ્ધિ કદી નહીં કરી રે. હાય. ૧૪

તાલેમહંમદખાનજીનાં માતા. યાવરહુસેનખાનનાં જનેતા;

ઉભય હર્ષે માજી માજી કહેતા રે. હાય ૧૫

રૂડી શોભાવનારાં રાજ્યાંગાની, રજવટ રીતો જાણનાર પુરાની,

હતાં નહી ઉરે અભિમાની રે. હાય. ૧૬

ગયાં પ્રજા સુખનાં ફુલારી. વિમળ વદન વિશ્વમાં વિકાસી.

ઘણું લાયકીદાર લખાશી રે. હાય ૧૭

મોટાં મર્દ આહાર મરજાદી, જુઠી જાણ્યાં નહિ વાણી એકાદી,

સરવ કેરી સુણી ફરીયાદી રે. હાય. ૧૮

પેટના દરદે કરી દેહ છોડી, પ્રીતી સગાં સુપુત્રોની તોડી,

પરવરદીગાર શું પ્યાર જોડી રે. હાય. ૧૯

આદ્યે ઘણા ગુણો ભર્યા નામી, કેઈ પેરે કરું તે પ્રસિદ્ધી,

કેવળ ઉજ્વળ કીરતી કીધી રે. હાય. ૨૧

મોટું મેળવ્યું મેદનીમાં માન, જેથી જપ્યું આ વિરહ બયાન;

દુઃખી દીસે દેશાપતી રાજાન રે હાય. ૨૨

વિરહ સંતાપ.

“ અમલાંમે રેન ગુમાવીરે, ઢોલા પીને દારૂડો. એ રાહ.

અફસોસી હુવા ઉર રે, બુરી સુણી ખીના; બુ. ટેક.

દેશ અને વિદેશનારે, રાજા રાણી વજીર;

નામદાર નવાબ બીબીઓ, ઇજતદાર અમીર રે. બુરી. ૧

મહારાઓ ખેંગાર જીરે, શ્રી યદુવંશી અવતાર;
કૃપાળુ કચ્છ દેશના, વડી કીરતી વરનાર રે. ઝુરી. ૨
પ્રતાપી પોરબંદર તણા રે, શ્રી ભાવસિંહજી ભુપ;
મહારાણી શ્રી મહામતી, રૂડારાજ્ય સ્વરૂપ રે. ઝુરી. ૩
દાના દીવાનજી તેમના રે, મણીલાલ અજીતરાય.
બ્રહ્મ ક્ષત્રી અમદાવાદના રે. લાયક જેહ લખાય રે. ઝુરી. ૪
જસિવ જુનાગઢ તણારે, નવાબ રસુલખાંન;
વજીર બહાવદીનભાઈ વડા, ચુનીલાલભાઈ દીવાન રે ઝુરી. ૫
મહારાણા મોહનદેવજીરે, બાહોશ ભગવંતજી વોર;
ધરા પ્રસિદ્ધ ધરમપુરના, ત્રીકમલાલભાઈ વજીર રે ઝુરી ૬
મહારાઉલશ્રી માનસિંહજીરે, બારીઆના મહારાજ;
સુત મહારાજ શ્રીરામના. જસકીરતી જેમની જહાંગીર રે ઝુરી. ૭
રૂડા રાધનપુરનાર, જહાં પ્રસિદ્ધ જનાબ;
આહાહા શેરમહમદખાનજી, શ્રીનાદેરઅલીખાનજી નવાબરે. ઝુરી. ૮
મશહુર મુર્તુઝાઅલીખાનનારે, શ્રી મર્દાનઅલીખાન;
ફતેમદ ફતેજંગખાનનાં, શાણાં રાણી સુજાન રે. ઝુરી. ૯
બહાદુર ગિરિમલીખાનના રે, રાજ્યગાણી રેવા માત;
વડા વજીર દરબારીઓ, વડા જે વિખ્યાત રે. ઝુરી. ૧૦
ખલક પ્રસિદ્ધ. ખંભાતનારે, શ્રી જાફરઅલી ખાન,
વડા વાડાસીનોરના, બાબી બહાદુર સુજાન રે. ઝુરી. ૧૧
ઓસાણ આવ્યું એટલો રે, ચહુન્યો આ ચીતાર,
ભુલ ન ગણશો ભુપતી, શોક જનક સંસાર. ઝુરી. ૧૨
પ્રખ્યાત પ્રેમાભાઈ શેઠના રે, મણિભાઈનો પરિવાર;
નામાંકીત નગરશેઠનાં, કસ્તુરભાઈ આદે કુમાર રે. ઝુરી. ૧૩
મતિભાહાર મામા તેમના રે, કૃપાળુ [illegible];
શેઠશ્રી [illegible] શેઠનાં, હૈયામાં [illegible] રે. ઝુરી. ૧૪

આદે ગુજરથી અમદાવાદના રે, અધિપતીઓને અમીર;
પારસ જેવા પારશી, હન્ડાએ ઉમદા વીર રે. ઝુરી. ૧૫.
પ્રખ્યાત પાલનપુરમાંરે, સઘળા હવા સંતાપ,
મેહેલે મેહેલેને શેરીએ, અધિક કરે અલાપ રે. ઝુરી ૧૭
શોકનો સિંધુ રેલીઓ રે, આખા શેહેર માંહ્‌નર;
અમીર બીબીના અફસોસથી, બંધ હવા બજાર રે. ઝુરી. ૧૮
વણીક વોહોરા વેપારીઓરે, પુરણ આણી પ્યાર,
મહારાણીના મહા શોકથી, હાટે પાડી હડતાળરે. ઝુરી. ૧૯
દાનાદરબારી રાજ્યનારે, ઘણા હવા ગમગીન,
અધિપતી ઓફીસરો, હિંદુઓને મુસલમાન રે ઝુરી. ૨૦
પ્રતાપી પાલનપુરનારે, દુનિયા પ્રસિદ્ધ દીવાન;
ઉદાશ હવા દુરમાં જતાં, બને ન તેનું બયાન રે. ઝુરી. ૨૧
ઓચિંતુ આવી પડયુ રે, દારૂણુ મોટું દુખ,
જેથી કરી જનાબનુ, કરમાઇ ગયુ મુખરે ઝુરી. ૨૨
કે. સી. આઇ. ઇ. કેશરીરે, સાહેબ શેરમહમદખાન,
મર્તબાદાર મહાશોકથી, ભુલ્યા તનનુ ભાન રે. ઝુરી. ૨૩
તેજસ્વી તાલેમહમદખાનજીરે, યુવરાજ કરે અફસોસ,
દીલાશે દીલ તેમનાં, ખરે પકડે ના ખામોશરે. ઝુરી. ૨૪
શ્રીયાવરહુસેનખાનજીરે, ઘણા હવા ગમગીન,
માજીના મહા શોકથી, બાહોશ બન્યુ અધીન રે. ઝુરી. ૨૫
કુંવરીઓના કલેશની રે, કથે કથી ન જાય;
જનેતા જાતાં જીવમાં, ઉભય બહુ અકળાય રે. ઝુરી. ૨૬
અંમા વિણુ કોણુ એમને રે, બહુ વિધ લડાવે લાડ;
વિલાપ તેમના સાંભળી, ફાટે પથર પહાડરે. ઝુરી. ૨૭
શાંતવન કરનાર સર્વેનુ રે, હવાં જનત નશીન;
જેથી કરી જનાબથી, ગજબ થયા ગમગીન રે, ઝુરી. ૨૮

કાકી મા બહુ ક્લેશમાંરે, બેગમ સાહેબનાં બેહેન;
કૃપાળુ શ્રી કુંવરબાઇ, અમુલ્ય સ્વભાવનાં એન રે. ઝુરી. ૨૯
મર્તબાદાર મીયાં પાદ્યાડખાં રે, બેગમ સાહેબના બાપ;
દલગીર હવા ડોશુમીયાં, ભાઇ મોટા જે ખાનરે. ઝુરી. ૩૦
કારભારી કૃપાનીધીરે, પટવારી રણછોડલાલ.
સદાચરણી મહાસાત્વકી બહાદુર બુદ્ધિ વિશાલ રે. ઝુરી. ૩૧
પીતાંબરભાઇને વળી રે, મર્તબાદાર મંગળજીભાઇ,
બન્ને બહાદુરે રાજમાં, છટાદાર કીરતી છાઇ રે ઝુરી ૩૨
કોઠારી ક્લેશમાં રે, શેઠજી સોભાગ્યચંદ;
પટવારી લક્ષમીદાસભાઇ, ઉમદા અકલમંદ રે. ઝુરી ૩૩
ઉધરજીભાઇ ઉજળા રે, નામાંકીત ન્યાયાધીશ;
સદ્કીરતી સારી વરી, જેમણે દશોદીશ રે ઝુરી ૩૪
મગનભાઇ મોટા મનનારે, મશહુર માજીસ્ટ્રેટ
દલગીર હવા દાના ઘણા, સુપ્રસિદ્ધ જેમનુ સંડ્ટ રે. ઝુરી. ૩૫
ઉજમભાઇ ઉદાશમાંરે, માનકારી મોટા કહેવાય,
જસ્વી જહાંપના તણા, લાયકીદાર લખાય રે. ઝુરી. ૩૬
ગમગીન ગોદડભાઇ હવારે, હજુરના આકાઉન્ટન્ટ,
કામ કરે કચેરીનુ, ખરી રાખી મન ખંત રે. ઝુરી. ૩૭
મશહુર મોજમખાનજીરે, જસ્વી જમસેદખાન,
મહંમદખાન મહા ઉમદા, ગમગીન હવા ગુણવાન રે. ઝુરી. ૩૮
ત્રણે તેજસ્વી રાજ્યના રે, મર્તબાદાર મોટા અમીર,
હજુર સાથે ઓપતા, ધીમંત મોટા ધીર રે. ઝુરી. ૩૯
શોક જનક સૈયદ ગુલાબમીયાં, ફકીરમહંમદ દલગીર;
આજે ઉમદા રાજ્યના, જુવાન વૃદ્ધ સગીર રે. ઝુરી. ૪૦
ઠાકરદાસ દોશી તણા રે, બાબુ બહાદુર વકીલ;
મોટાં મોટાં કામમાં, [illegible] રહે સામીલ રે. ઝુરી. ૪૧

સર. ભાલચંદ શોકમાં રે, ડૉક્ટર દીલ ઉદાર;
પટવરધન પટરાણીનાં, ઉમદાં ઓષધ કરનાર રે. ભુરી. ૪૨
પોલીટીકલ પાલનપુરના રે, મેજર છ ઇ. હાઇડકેટસ,
મનબાદાર મહમ તેમનાં, જેમણે મેળવ્યો જસ રે. ભુરી. ૪૩
ત્યારે સાહેબ આ ત્રાસથી રે, નામદાર હવા નારાજ,
આદે ઉદાશી હવા, સરકારી મોટા સમાજ રે. ભુરી ૪૪
પ્રખ્યાત ગૃહસ્થો પુરનારે, અમુલખભાઈ ખુબચંદ,
પરીખ લખાય છે પેઢીએ, દલછારામ રામચંદ રે ભુરી. ૪૫
મુલા મહા ઉદાશમાં રે, નજરઅલી કમરૂદીન,
નગીનદાસ લલુભાઇ ભલા, ચિત્તામાંહેના શોક આધિન રે ભુરી ૪૬
વિગેરે ગૃહસ્થો વડા રે, બાફુરખાન જમાદાર,
સોક જનક સૌ શેહેરની, એકદર જાણું અપાર રે. ભુરી ૪૭
ખર્ચ કર્યું બહુ ખંતથી રે, ચાલીસમાને દાન,
મેલાવડો મોટો મળ્યો, આવ્યા હિંદુ મુસલમાન રે. ભુરી. ૪૮
દીલાસવા દીવાન સાહેબનેરે, દીલાસા પત્રો અપાર,
આવ્યા ઉમદા રાજ્યોનાં, વડા જેનો વિસ્તાર રે ભુરી. ૫૦
અંગ્રેજોનાં આવિયારે, દીલાસના મહા દરબાર,
હિંદુને ઇસ્લામનાં, સારાં સંતોષકાર રે ભુરી ૫૧
બાવીસમી જાનેવારીની રે, આગણીસે બેની સાલ,
અમીર બીબીના અરતથી, વિશ્વમાં થયા વિકાલ રે. ભુરી. ૫૨
મધ્યમ આયુષ માણીને રે, પીસ્તાળીશમે વર્ષ,
વિસાર્યાં નહિ વિસરે, અરે હવાં અદર્શ રે, ભુરી. ૫૩
બહાદુરને બીબી તણીરે, કલેજે કારીઘાવ;
રૂઝાવ્યા રૂઝે નહી રે, ભુરો બન્યો બનાવ રે. ભુરી. ૫૪
જગતી માંહે જડે નહીરે, અમીર બીબીની જોડ,
ગુણિયલ ગુણનીધી ગયાં, ખુદાએ દીધી ખોડરે. ભુરી. ૫૫

સ્વામી કામોમાં કરી આવિયાંરે, બીબી જન્નત મોઝાર;
ખુદા ખુશી રાખજો, પાક પરવરદીગાર રે બુરી. ૫૭
અદાય સુખ એમને આપજોરે, કહે કવિ શિવરાજ.
બીબીને રબ્બીઆલમીન, માલીક ના કરશો મોતાજરે બુરી. ૫૮

ગુણ કથન.

ગરબી.

" પડવેની પરમોત, ગતમત ભુલી રે, " એ રાહ.

અમીરબીબીનાં અફસોસ, ગયાં ગુણકારી રે;
ખરે દાઝ રહે નહિ ખામોસ, સ્નેહ સંભારીને અમીર બીબી. ટેક.
પરોપકારીજ પૂરાં, પ્રભા પ્રકાશી રે,
રાખી નહિ કાંઈ ન્યુન, વદી સાબાસી રે અમીરબીબી ૨
પામેલા અતિપાળ, ઉંડાં રાજ્ય માતા રે,
ઘણાં બહાદુર બુદ્ધિશાળી, જનઝુરમાન જનોના રે અમીરબીબી. ૩
બહુ ચાતુરના ચાલાક, ચપળતાવાળાં રે,
નમણાં ડોકના જેવું નાક, નેત્ર ફાર રૂપાળાં રે. અમીરબીબી ૪
નિર્મળ જેમનાં નેણ, શીતળકારી રે,
સુવાસમાં સલૂણાં, વચ્ચાં નિયાની રે અમીરબીબી. ૫
પંકજ જેવું પ્રફુલીત, વદન વિકાસી રે,
રૂડી રાખી રજવટ રીત, કીધી નહિ હાંસી રે અમીરબીબી ૬
વધુ વૈભવનો તોર, મનમાં ન લાવ્યાંરે,
મહારાણીઓની મોર, કહારાં ન કહાવ્યાંરે. અમીરબીબી. ૭
મોટા મર્તબાદાર, હતાં ભવ્ય ભાગી રે;
ભડભૂપ જેમના ભરથાર, આત્મજ અનુરાગી રે; અમીરબીબી. ૮
તાલેમહમદખાંન જેવા તન, પાટવી પ્યારા રે;
રૂડા રજવટી રૂસ્તમ, ઝુલાવના ચારારે. અમીરબીબી. ૯

યાવરહુસેનખાન, ઉભય વીરા રે;
બે કુવરસીંહા બુદ્ધિમાન, ખજ્જુ ગુણ ધીરા રે. અમીરખીબી ૧૦
પટરાણીનું પદ, પોતે રાખ્યું રે,
સર્વોપરી થયાં સહુ, દૈવત દાખ્યું રે. અમીરખીબી ૧૧
બનેહાગરાઓની ગર્વ, ઉર ન આણ્યો રે,
સમાન રાખો સર્વ, ભેદ ન જાણ્યો રે. અમીરખીબી ૧૩
પ્રજા હિતેચ્છુ કામ, કીધાં ઉપકારી રે,
રૂડાં ધરમ બંધાવ્યા ધામ, વિપતિ વિચારી રે અમીરખીબી ૧૪
રમજાન મહિનામાં રાજ, દાન બહુ દેતાં રે,
ખુદાની કરી મન મોજ, આનંદમાં રહેતા રે. અમીરખીબી ૧૫
જમણુ દીપાવ્યો દરબાર, રૂડી રાજધાની રે,
હતા ઉમરાહીઓનાં ઉદાર, જગતે રેમ જાણી રે. અમીરખીબી. ૧૬
પ્રજા વખાણે પ્રીત, રીત રજવાડી રે,
નિર્મળ નીહાળો નીત, ભક્ત જેવા ભલી રે અમીરખીબી. ૧૭
કડવુ કથન એકાદ, કોઈને ન કીધું રે,
રૂડી રાખી કુલ મરીયાદ, માનજ દીધું રે અમીરખીબી ૧૨
અધિક ગુણ ગણાય, સાગર ભરી ચારે;
તે ગાગરમાં ન સમાય, ઉચર્યા ન જાય ઉચરીઆરે. અમીરખીબી ૧૮
ફીરોઝજુંગ દીવાન, સાહેબનું શાણ્યો રે;
સુખ પામો સુજાણ, કલેશ દુર જાણ્યો રે, અમીરખીબી ૧૯
આલાહિમહમદખાન, જુગ જુગ જીવો રે;
બહાદુર બુદ્ધિનિધાન, કુળ દીપક દીવો રે અમીરખીબી ૨૦
ઓમાવરહુસેનખાન, આબાદ રેહેજ્યો રે;
ઘણું જીવો કુવરસીંહ ગુણવાન, લાભ બહુ લેજ્યો રે. અમીરખીબી ૨૧
શિવરાજ કહે સલામત, રહો રાજ્ય ગાદી રે;
મોહ્યા મેળવો આખર હજાત, મુબારક બાદી રે. અમીરખીબી ૨૨

સમાપ્ત.

विज्ञापना.

આ ચોપડી અમદાવાદમાં ખાડિયામાં દેસાઈની પોળમાં બારોટ. શીવલાલ ખુશાલભાઈ (જે ધરમપુરના મહા રાણાશ્રી નારાયણ દેવજીનું બિરદ ચરિત્ર, રાધનપુરના નામદાર નવાબશ્રી બિસ્મીલ્લાખાન જીનો બિરદ, કચ્છ દીવાનશ્રી રા. બા. મોતીલાલ લાલભાઈની દીકરીનું વિવાહ વર્ણન, જુનાગઢના માજી દીવાન. રા બા. દેશાઈશ્રી હરિદાસ વિહારીદાસ બિરદ રા. સા. ચીનુંભાઈ માધવલાલનાં માતુશ્રી બાઈશ્રી રેવાબા બિરદ, નાંદોદ નૃપની પ્રકાશ, પાલનપુરના મહા ખાનશ્રી શેરમહંમદ ખાનજી દીવાન સાહેબશ્રીનો ઈલકાબોત્સવ, સોપારીનું નાટક.) વિગેરે પુસ્તકો રચનારને ત્યાંથી મળશે.

કવિ. શીવલાલ ખુશાલભાઈ બ્રહ્મભટ.

ગ્રંથ કર્તા.